## 22 (૨૨) બિનસરકારી માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓએ જૂના મુંબઈ રાજ્યમાં કરેલ નોકરી પેન્શનપાત્ર ગણવા અંગે

શિક્ષણ નિયામકની કચેરી, ક્રમાંક : ૧૮-મબશ-પેન-જનરલ-ધ-૫,

અમદાવાદ, તા. ૧-૧-'૭૫

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, (સર્વે)

બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને તા. ૧-૪-'૬૯થી લાગુ પાડવામાં આવેલ પેન્શનયોજના અનુસાર પેન્શનપાત્ર નોકરી ગણવા અંગેના પ્રશ્નમાં જૂના મુંબઈ રાજ્યમાં બિનસરકારી માધ્યમિક શાળામાં કરેલ નોકરી પેન્શનપાત્ર ગણવાનો પ્રશ્ન કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણામાં હતો. હવે સરકારશ્રીએ નક્કી કર્યું છે કે દ્વિભાષી મુંબઈ રાજ્ય દરમિયાન કોઈપણ શિક્ષકે તે રાજ્યના કોઈપણ વિસ્તારમાં આવેલ બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરી હોય તો તે નોકરીને ગુજરાત રાજ્યમાં પેન્શનપાત્ર ગણવા માટે, દરેક વ્યક્તિગત કિસ્સાઓ ગુણવત્તાના આધારે તપાસીને ઘટતું કરવું.

ઉપરોક્ત બાબત દ્વિભાષી રાજ્યમાં બિનસરકારી માધ્યમિક શાળામાં કરેલ નોકરીને ગુજરાત રાજ્યમાં પેન્શનપાત્ર ગણવા અંગે દરેક વ્યક્તિગત કિસ્સામાં અને ગુણવત્તાના આધારે અને સંપૂર્ણ ખાતરી કર્યા બાદ નીચેના મુદ્દાઓ સાથે સરકારશ્રીના હુકમ માટે કુલ ૩ નકલમાં માહિતી મોકલી આપવા વિનંતી છે.

(૧) દ્વિભાષી મુંબઈ રાજ્યમાં જે શાળામાં નોકરી કરેલ હોય તે બિનસરકારી માધ્યમિક શાળા અનુદાન લેતી સરકારમાન્ય હોવી જોઈએ. (૨) દ્વિભાષી મુંબઈ રાજ્યમાં જે સંસ્થામાં નોકરી કરેલ હોય તે નોકરી સમયનો સી.પી.એફ.ના એકાઉન્ટનો ફાળો, કર્મચારીનો પોતાનો ફાળો તથા સંસ્થાનો ફાળો ભરેલો હોવા જોઈએ. (૩) જે શાળામાં શિક્ષકો યા આચાર્યે નોકરી કરી હોય તે શાળા પાસેથી નોકરીનો સમય, એડમિસિબલ પગાર તથા શાળા છોડવાનું કારણ વગેરે સંપૂર્ણ માહિતી સાથે અત્રે મોકલવું.

ઉપરોક્ત બાબતે તા. ૧-૪-'૬૯ થી આજદિન સુધીમાં નિવૃત્ત થયેલ કર્મચારીઓના આવા કેસ હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

સહી, ગુલબહેન બામ

શિક્ષણ નિયામક વતી,

* * *

### (જૂના મુંબઈ રાજ્યમાં કરેલ નોકરી પેન્શનપાત્ર ગણવા અંગેનું માહિતીપત્રક)

(દરેક કર્મચારી માટે અલગ માહિતીપત્રક બે નકલમાં ભરવું.)

(૧) કર્મચારીનું પૂરું નામ (૨) હાલનો હોદ્દો તથા શાળાનું નામ, તાલુકો, જિલ્લો, નિવૃત્ત થયા હોય તો છેલ્લે જે સંસ્થામાં નિવૃત્ત થયેલ હોય તે જણાવવા. (૩) લાયકાત (૪) જન્મતારીખ (૫) હાલનો પગાર અને પગારધોરણ (૬) નિવૃત્તતારીખ અને નિવૃત્તિનો પ્રકાર (૭) જૂના મુંબઈ રાજ્યમાં કરેલ નોકરી અંગેની વિગત.